ટોળીના સરદારે મહારાજની છાતી ઉપર બંદુક તાકી જે કાંઇ હોય તે આપી દેવા હાકલ કરી. ત્યારે મહારાજે ખંભા ઉપર થેલો હતો તે કોઇપણ પ્રતિકાર કર્યા વગર ડાકુટોળીના સરદારને આપી દીધો. થેલામાં બે જોડી કપડા અને ધર્મના પુસ્તકો જોઇ બહારવટીયાઓનો સરદાર જરા ઢીલો થઇ બોલ્યો, કે મહારાજ ! આ તો ભયંકર માણસોનો વિસ્તાર છે અહીં એકલા હરાય-ફરાય નહીં એમ કહી થેલો પરત આપી અને ટોળીના એક સાગરીતને ઉદ્દેશીને બોલ્યા કે, એલા એ ચમન જા મહારાજને મહિ-રેવાને સામે કિનારે મુકી આવ. ત્યારે ૧૬-૧૭ વર્ષનો યુવક ચમન સ્વામિ કૃષ્ણાનંદને કેડી બતાવતો - બતાવતો આગળ ચાલવા લાગ્યો અને મહારાજ રામનામ-જપતાં જપતાં તેમની પાછળ ચાલવા લાગ્યા. મહારાજની ભાવસમાધિ તુટી એટલે ચમન બોલ્યો કે, લાવો બાપુ તમારો થેલો પકડી લઉ, ત્યારે મહારાજ બોલ્યા કે, તારા હાથ લોહીથી ખરડાયેલા છે. આ થેલો શી રીતે પકડાશે. ત્યારે લોહાણાનો આ દિકરો ચમન ખળભળી ઉઠ્યો એ પછી મહારાજે પુછ્યું કે એલા તારૂં શું નામ છે ? ત્યારે આ યુવક બોલ્યો કે, ચિમન ઠક્કર મારૂં નામ છે. ત્યારે મહારાજ દુઃખ સાથે બોલ્યા કે, અરર... રઘુવંશી રામનો વંશજ થઇને ધાડપાડુ બન્યો ? આ ઉંમરે કામ-ધંધો કરી માતા-પિતાની પાસે ઉભા રહેવાને બદલે એક બહારવટીયાનો ભાઇબંધ થઇ તેની ટોળીમાં ભળી લોકો ઉપર ત્રાસ ગુજારે છે ? લોહાણા દિકરા માટે આ તો ખૂબ જ શરમજનક કહેવાય. ચિમન ક્યાં સુધી લોહીથી હાથ રંગતો રહીશ ?

ત્યારે ચિમન બોલ્યો કે, મહારાજ ખોટી સંગતે ચડી ગયો છું. રસ્તો બતાવો. ત્યારે મહારાજે કહ્યું કે, બેટા બહારવટીયાને છોડીને મારી સાથે ચાલ. જીવનને સન્માર્ગે વાળ અને એ જ ઘડીએ ચિમન કૃષ્ણાનંદ સ્વામિની સાથે ચાલી નીકળ્યો અને સ્વામિજીએ તેને 'જય અંબે માઁ' નો જાપ જપવાની શીખ આપી અને 'ૐ ઐં હ્રીં ક્લીં ચામુણ્ડાયે વિચ્ચે નમઃ' નો મંત્ર આપ્યો અને ચિમનલાલે 'જય અંબે માઁ' ની ધુન લગાવી અને ગુરૂએ આપેલ મંત્રના જાપ જપતાં - જપતાં જીવનને સન્માર્ગે વાળી માનવસેવાનાં કાર્ય કરતો-કરતો ચિમન ધીમે-ધીમે એ વિસ્તારમાં ચિમનલાલ ભગત તરીકે પ્રસિદ્ધ થયા અને એ પછીથી ચિમનભાઇનું જીવન એવું પલટાયું કે, ચિમન ભગત પારકી છઠ્ઠીના જાગતલ તરીકે પ્રસિદ્ધ થયાં અને તેમની માતાજી ઉપર અને ભોળાશંભુ ઉપર એવી શ્રદ્ધા કે, એક ઘટનામાં માતાજી અને મહાદેવજીએ તેને પરચો આપ્યો અને આ ઘટના એવી બની કે, ઇ.સ. ૧૯૬૭-૬૮ની સાલમાં ગુજરાતમાં વરસાદ ન થતાં ભયંકર દુષ્કાળ પડ્યો અને શ્રાવણ મહિનો આવ્યો અને વિતી ગયો છતાં વરસાદનું એક ટીપુંય ન પડ્યું. ગામે-ગામ ભજન-કિર્તન શરૂ થયાં. ગુજરાતનો માનવી વરૂણદેવને મનાવવા લાગ્યો. ચિમનલાલ પણ પિતાની જેમ લાગણીથી છલોછલ હૃદયનાં બન્યા હતાં. તેની ડાકુટોળીમાં હતા ત્યારની ક્રુરતા નાશ પામી અને તેઓ દયાના સાગર બન્યાં અને આ દુષ્કાળના સમયે લોકોએ ભગતને વિનંતી કરતા કહ્યુ કે, તમે તો માતાજીના ઉપાસક બન્યા છો માટે એવું કાંઇક કરો કે માતાજી રીઝે અને વરૂણદેવની કૃપા થાય.

ત્યારે ચિમન ભગત હસીને બોલ્યા કે, હું તો માતાજીને કાલાવાલા કરૂ છું, હું એમા શું કરી શકું ? પણ લોકોએ દુષ્કાળની સ્થિતિનો ચિતાર આપ્યો અને કહ્યુ કે, માણસો અને ઢોર તરફડીને મરશે અને લોકો વાતો કરે છે કે, તમે માઁ ભગવતી સાથે હરૂભરૂ વાત્યુ કરો છો, માટે દુષ્કાળ મટે એવી માતાજીને પ્રાર્થના કરો. ત્યારે ભગત હસ્યા અને કહ્યું કે, હું માતાજીને કાલાવાલા કરૂં છું, રીઝવુ છુ પણ જ્યાં સુધી વરસાદ નહીં થાય ત્યાં સુધી હું અન્નનો દાણો લીધા સિવાય મહાદેવની લીંગ સામે ઉભો રહીને તપ કરીશ અને લોકોએ માતાજીની જય બોલાવી, પછી ભગતે કહ્યું તમે ઘરે જાઓ અને શ્રદ્ધા રાખજો કહી ચીમને ભગતે બધાને વિશ્વાસ આપી વિદાય કર્યા અને તેણે લીધેલ ટેક મુજબ અન્નનો ત્યાગ કરી તેઓ મહાદેવજીની લિંગ પાસે ઉભા રહી વરસાદ લાવવા અને દુષ્કાળને ભાંગવા ઉભા ઉભા માતાજીનાં જાપ શરૂ કર્યાં.

એક દિવસ, બે દિવસ એમ કરતાં ત્રણ - ચાર દિવસ વિત્યાં, વરસાદના કોઇ ચિન્હો જણાયા નહીં અને ભગતે પોતાની પ્રતિજ્ઞા છોડી નહી ત્યારે ગામલોકોને ચિંતા પેઠી અને તેઓ ભગત પાસે આવ્યાં અને બોલ્યા કે, ભગત હવે બહુ થયું, ઉપવાસ છોડી દો. ત્યારે ભગતે કહ્યુ કે, મારી લીધેલ પ્રતિજ્ઞા નહીં તુટે. કાં તો વરસાદ પડશે અને કાં તો દેહ પાડીશ, અને ભગત અને ભગવાન બંને સામસામે મમતે ચડ્યાં. વધુ દિવસો પસાર થયાં, આકાશમાં એકેય વાદળું દેખાય નહીં, ઉભા રહેવાથી ભગતના પગ સોજીને થાંભલા જેવા બની ગયાં અને લોકોને લાગ્યું કે, ભગત આમ તો નહીં માને એટલે આ વાતની જાણ પોલીસને કરી અને પોલીસ અધિકારીઓએ આવીને ભગતને સમજાવવા લાગ્યા કે ભગત આ તો કળજુગ છે, એમ કાંઇ વરસાદ નહીં આવે અને આ રીતે મરવું એ આપઘાતનો ગુન્હો બને છે, ત્યારે ચીમન ભગતે કહ્યું કે, આ તો મારા માતાજી સામેનો સત્યાગ્રહ છે અને સત્યાગ્રહ કરવો એ ગુન્હો નથી. અને પોલીસવાળાઓએ પણ બહુ સમજાવ્યા તેમ છતાં ભગત અડગ રહી બોલ્યા કે, તમારી તમે જે ઇચ્છો તે કરી શકો છો. હુ મારી પ્રતિજ્ઞા છોડવાનો નથી, પોલીસ અધિકારીઓ ભગતને સમજાવવામાં નિષ્ફળ ગયા અને કનીજ તથા આજુબાજુ નાં ગામોમાં આ વાત ફેલાતાં એ ગામના લોકોનો માનવ મહેરામણ ઉમટી પડ્યો અને તેણે ભગતને સમજાવવામાં કોઇ કચાશ ન રાખી છતાં ભગતે પોતાની પ્રતિજ્ઞા પર અડગ રહી માતાજીનાં જાપ ચાલુ જ રાખ્યા અને જાણે કે, ચમત્કાર થયો. ભગતનાં જાપ શરૂ કર્યાનાં સાતમે દિવસે આકાશમાં વાદળા ઉમટ્યા અને મુશળધાર વરસાદ તુટી પડ્યો, અને અર્ધા ગુજરાત ઉપરાંતમાં વરસાદ ખાબકી પડતાં દુષ્કાળનો ભય ટળ્યો. આમ, ચિમન ભગતની માતાજી પરની શ્રદ્ધાથી વરૂણદેવ રીઝ્યા હતાં.

અંબાજી માતાજીના પરમ ઉપાસક ચીમનભગતને એક મહાત્માજીએ વિચાર સાગર તથા યોગના પુસ્તકોનો અભ્યાસ કરાવ્યો એટલે પછીથી તેઓ ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપની ભક્તિ તરફ વળી આધ્યાત્મિક અનુભૂતિ પ્રાપ્ત કરી પરમાનંદ પ્રાપ્ત કર્યો. એ પછીથી તેઓ કનીજ છોડીને અમદાવાદ આવ્યા અને અમદાવાદનાં મણીનગર વિસ્તારમાં તેઓ પોતાના પરિવાર સાથે રહેતાં હતાં અને નવરાત્રીના નવે-નવ દિવસ તેઓ ઉભા રહી માઁ અંબાની ઉપાસના કરતાં. આમ, ચિમનલાલ ભગત સંસારમાં રહેવા છતાં જળકમળવ્રત રહી તેઓ સતત ભક્તિમાં ડુબેલા રહેતા.

### કચ્છનો નરસૈયો મનજીભગત

માધવરાયજીના પરમ ભક્ત અને ઉદાર દિલનાં દયાના સાગરસમા અંજારનાં મનજી ઠક્કરને તે ગામના છોકરાથી લઇ અબાલ વૃદ્ધ સૌકોઇ ઓળખતાં હતાં. મનજી ભગતએ અંજારમાં નાનકડી હાટડી માંડી અને શેઠે પોતાનું જીવન માધવરાયને ભરોસે સોંપી દીધુ હતુ. અંજારનું નાનકડું છોકરુય જાણતુ કે, મનજી ઠક્કર કોઇને છેતરે નહીં, કોઇ નાનું બાળક માલ લેવા જાય તો તેને પુરી ચીજવસ્તુ આપી ઉપરથી રેવડી અને સીંગ આપી ભગત તેને ખુશી કરતાં. મનજી ભગત માધવરાયની ભક્તિ કરતાં-કરતાં જીવન નિર્વાહ ચાલે એટલું કમાઇ લેતાં. તેઓ વહેલી સવારે ઉઠી